રઇસા કુદાશેવા

કૂકડાભાઈ

કૂકડાભાઈ

રઈસા કુદાશેવાનો જન્મ ૧૮૭૮માં મોસ્કોમાં થયો હતો અને તેમનો દેહાંત ૧૯૬૪માં થયો હતો. તેમણે ઘણાં વર્ષ પુસ્તકાલયના સંચાલનની કામગીરી કરી હતી અને બાળકો માટે કાવ્યો, ગીતો, તથા પરીકથાઓનું સર્જન કર્યું હતું.

તેમની કૃતિઓ પ્રકાશિત થતાં જ રશિયન બાળવાચકોમાં માનીતી થઈ જતી. બાળકો તેમની વાર્તાઓ હોંશે હોંશે વાંચતાં અને તેમનાં બાળગીતો ઉત્સાહપૂર્વક ગાતાં. આજે પણ તેમની કૃતિઓ બાળકોને ખૂબ ગમે છે. તેમની આ કૃતિ 'કૂકડાભાઈ' પણ રશિયન બાળકોની માનીતી છે. અમને આશા છે કે સૌ વાચકોને એ ગમશે.

ચિત્રો - મિતૂરિચ
અનુવાદ - અતુલ સવાણી

કલગીદાર કૂકડો ને રાખોડી કૂકડી,
બાંધીને રૂડી રૂપાળી કુટિર નાનકડી,
બહેની ને ભાઈ રહેતાં'તાં સુખે,
ખળખળ વહેતા ઝરણાને કાંઠે.

આવે ટાઢ લઈને શિયાળો સૌને ઠારે,
ઝરણાના જળને એ બરફ બનાવે.
કૂકડો ઘડે મનસૂબા ને બહુ હરખાય,
રમું બરફમેદાને, મને મોજ આવી જાય.

પણ બહેન મોટી કરે મનાઈ,
રમવાની બરફમાં છે દુહાઈ.
છૂટ ફરવાની આપે કદી ના,
બરફમાં જવાની સાફ છે ના.

નજર ચાંપતી બહેન રાખે,
ભટકવા ન દે લગાર આઘે.
સમજાવે ભાઈને કરીને વહાલ,
પાતળા બરફમાં જોખમ અપાર.

વરસગાંઠ બહેનની, ઉમંગ અનેરા,
હોંશે બોલાવે જમવા મહેમાન ઘણેરા.
મનમાં એના છલકાય અરમાન,
કરું મિજબાની, પીરસું પકવાન

ડૂબી રસોઈમાં બહેન બિચારી,
બનાવતી શીરો ને તળે છે પૂરી.
ભાઈ ગયો છટકી લાગ એવો જોઈને,
જાય બરફપટે મનસૂબા લઈને.

માંડે કદમ ઉમંગમાં બરફ પરે,
આવી ખુશીના તાનમાં, શોર બહુ કરે.
પણ બરફથર તૂટે પળવારમાં,
ને કૂકડાભાઈ ખાબકે ટાઢા જળમાં.

હલે ના પાંખ જરાય, થઈ બેકાર એવી,
તળિયે સરકે કાય, ભારે પથરા જેવી.
એણે પાડી ચીસ, બહેની મારી, બચાવી લે!
સામે નાચે મોત, બૂરી થઈ છે મારી વલે!

ઊડી કૂકડી તીરના વેગે, વીરની વહારે જાય,
સૌ મહેમાનો એની ભેગાં, ધસમસ કરતાં ધાય.
કાબર ને ચકલી, બતક ને બગલો જાય,
તેતર ને લાવરી, પોપટ ને હોલોયે જાય.

કૂકડાને કાઢે બહાર સૌ ભેગાં મળીને,
જિંદગી બચાવી એની મહેનત કરીને.
પહેરાવે કપડાં ગરમ ને ધાબળો ઓઢાડે,
કરીને હેત કૂકડાભાઈને બિછાને પોઢાડે.

દાક્તર બતકને જાણે સહુ,
કસબમાં પોતાના કાબેલ બહુ.
આ તો શરદીની મામૂલી બિમારી,
કરું છું હમણાં તબિયત સારી.

એસ્પિરિન એવી દવા મઝાની,
આપું પડીકી, છે બાર લેવાની.
ભેગી ચા ગરમ કપ ભરીને,
તરત શરદી ભાગે ડરીને.



પંછી મહેફિલ જામી ફરી,
સહુએ ખુશીથી મોજ કરી.
ભાવતાં ભોજન હોંશે ખાય,
જામે રંગ સહુ હરખાય.

એટલામાં કૂકડો બેઠો થાય,
નજર સહુની બિછાને જાય.
કૂકડાને મનમાં ફિકર બહુ થાય,
થઈ રહે પકવાન, પોતે રહી જાય.



સહુ મહેમાનોનાં મોં મલકાય,
ફફડાવે પાંખો ને હસતાં જાય.
ભાઈ અક્કલનો બારદાન લાગે,
એવો તે ખ્યાલ મનમાં કેમ લાવે

હસતાં ને ખેલતાં પંખી રંગમાં,
ઉડાવે મોજ કૂકડીના સંગમાં.
ખુશી ને મોજનાં પૂર છલકાય,
એની તો વાત ભાઈ કહી ન જાય!